શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

ખબર પત્રિકા

E-Patrika

પાના ૨૩

વર્ષ-૩, અંક-૫૩ - સળંગ અંક - ૬૮૩ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

સૂર્યોદય : ૬.૧૫
સંવત ૨૦૭૬
શ્રાવણ સુદ-૧૩, શનિવાર
તા. ૦૧-૦૮-૨૦૨૦
સૂર્યાસ્ત : ૦૭.૧૪

બિદડાના રોનક કીરીટ ગડા ઉ. ૨૭ તા. ૨૯-૦૭ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. રતનબેન દેવજીના પરપૌત્ર. મણીબેન શામજીના પૌત્ર. નયના કીરીટના પુત્ર. રીધ્ધીના ભાઈ. કોડાય મઠાબેન મુલચંદના દોહીત્ર. મધુ કિશોર, કુસુમ રમેશ, પ્રફુલા પ્રવિણ, આશા મનસુખ, કોડાય ચંદન હરીશ, બિદડા પ્રીતી ભરત, બેરાજા નિર્મળા વશનજીના ભત્રીજા. અમૃત ભવાનજીના ભત્રીજા પુત્ર. નિલેશ, જીગ્નેશ, અલ્પા, નિરવ, અવની સૌમીલ, સમીર, ધ્રુવ, હેલીના કાકાઈ ભાઈ. જયશ્રી, ધ્વનીના કાકાઈ દેર. કુણાલ, મેહુલ, કિશના મામાઈ ભાઈ. લક્ષ્મી, જાગૃતિના મામાઈ દેર. ભારાપુર મકાબેન તેજશી, ના. ખાખર લીલબાઈ હીરજીના દોહીત્ર પુત્ર. દેવજી, મેઘજી, પ્રેમજી, નાગલપુર રતનબેન ભવાનજી, તલવાણા સુંદરબેન રતીલાલના ભાણેજ પુત્ર. કોડાય નાથીબાઈ રતનશીના પૌત્રીપુત્ર. પ્રેમીલા ધીરજ, કુંદરોડી પ્રીતી મહેન્દ્ર, કોડાય આશા જયંત, પદમા સુરેશના ભાણેજ. કુંજન, વડાલા પ્રેરણા ચિંતન, દર્શનના કુઈઆઈ ભાઈ. રતાડીયા (ગ.) વર્ષા પિયુષ, વૈશાલી ગીતેશ, કુંદરોડી મેઘના અમર, મેઘા નિરવના માસાઈ ભાઈ. ક્રિશા, દ્રષ્ટી, સિધ્ધી, પુરવા, સ્વરાના કાકા. પ્રિત, વીરના મામા. **પ્રાર્થના રાખેલ નથી.** નિવાસ : નયના ગડા, સી વિંગ-૫૦૨, નવનીતનગર, ડોંબીવલી (ઈ.), મુંબઈ-૪૦૧૨૦૩. નયના-૮૮૯૯૯૮૩૪૭૯, રિધ્ધી-૯૭૬૮૯૮૮૬૮૧.

મોટી ખાખરના જયેશ હીરજી વિક્રમ (ઉ.વ. ૬૧) તા. ૩૦-૭-૨૦ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. ભાનુમતી હીરજી સુરજી (બાબુભાઈ)ના સુપુત્ર. લતાના પતિ. મીતુલના પિતા. મેઘનાના સસરા. વીયાંશીના દાદા. હેમંત, યોગેશ, દીપકના ભાઈ. દક્ષા,કલ્પના, મનીષાના જેઠ. પુનડીના નમ્રતા અંકિત હરખચંદ, ભાડીયાના મૈત્રી પારસ પંકજ, રીધ્ધી સાગર રમેશ, નેહા, ના. ખાખરના અર્પીતા ભાવિક હર્ષદ, બેરાજાના અમી ચાર્નીલ ચંદ્રેશ, જીલના કાકા. ફરાદીના સુશીલાબેન શાંતીલાલ પ્રેમજી કોરશીના જમાઈ. યોગેશના બનેવી. માયાના નણંદોઈ. પુનડીના શ્રેયા અંકિત અનીલ, દાયણના પુજા કુણાલ દેસાઈના ફુઆ.હીરજી, પાનાચંદના ભત્રીજી વર. તુંબડીના કેશવજી લધાના દોહીત્રી વર. બા.બ્ર. રતનબાઈ સુરજી, મો. આસંબીયાના રાણબાઈ રતીલાલ, ટુડાના કેસરબાઈ જેઠાલાલ, દેશલપુરના ચંચળબાઈ તલકશી, ભુજપુરના ખેતબાઈ નેણશીના ભત્રીજા. ભાડીયાના હાંસબાઈ/ધનબાઈ ગાંગજી રામજી, સોનબાઈ પ્રેમજી રામજીના દોહીત્ર. કાંડાગરાના પ્રભાબેન નેમચંદ, ભાડીયાના રંજન ચંપક,કુસુમ મણીલાલ, ભારતી રાજેશ, નાગલપુરના વિમળા ભવાનજીના ભાણેજ. ના. ખાખરના પ્રવિણા ખુશાલ કુંવરજીના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. જયેશ હીરજી, બી-૧૫, હીંદમાતા સોસાયટી, ડો. બી.એ. રોડ, હીંદમાતા, મું. ૧૪. મો. ૭૦૪૫૫૫૩૯૮૬, ૯૬૧૯૬૧૯૩૩૯.

ગોરેગામ વેસ્ટ ભાડેથી જગ્યા

મોતીલાલ નગર નંબર -૩ માં જૈન હૉસ્પિટલની બાજુમાં ૬૪૦ SQ.Ft. (Ground + First Floor) કર્મશીયલ જગ્યા ભાડેથી આપવી છે. સંપર્ક : મુલચંદભાઈ ગાલા - ૯૮૯૨૨૩૮૦૦૫

(ES-360) ----------

નવીનારના દેવચંદ રણશી વોરા ઉ.વ. ૬૧, ૩૦-૭-૨૦૨૦ના ટુંકી માંદગી (કોરોના નેગેટીવ) થી અરિહંત શરણ પામેલ છે. ખીમઈબાઈ રવજી દોલાના પૌત્ર. માતુશ્રી નાનબાઈ રણશી રવજીના પુત્ર. વિમળાના પતિ. રાજેશ, નીલમના પિતા. વિંઝાણના અમીત ગીરીશના સસરા. તત્વના નાના. હીરજીના ભાઈ. નયનાના દિયર. ભુજના લીઝા જીતુ કેશવાનીના કાકા. પ્રતાપરના જેઠીબાઈ ધારશી વીરાના દોહીત્ર. રાધજણરના વેજબાઈ ખીમજી જેઠાભાઈના જમાઈ. પદમશી, વસંત, લક્ષ્મીચંદ, પ્રવિણ, સોનબાઈ, ધનબાઈ, રંજનના બનેવી. વિજયા, કલ્પના, જયશ્રી, સીમાના નણંદોઈ. ભોજાયના વલ્લભજી આશારીયા, ખારૂઆના ધનજી શીવજી, સાભરાઈના મહેન્દ્ર પ્રેમજીના સાઢુભાઈ. વિંઝાણના પુષ્પાબેન ગીરીશ ભાણજીના વેવાઈ. કોકલીયાના નાથબાઈ વેરશીના દોહીત્રી વર. આસંબીયાના રમીલા રમણીકના ભાઈ તુલ્ય. વર્તમાન પરિસ્થિતિ અનુસાર **પ્રાર્થના રાખેલ નથી.** ફોન આવકાર્ય. એડ્રેસ : દેવચંદ વોરા, ૩૧, અનુજા બિલ્ડીંગ, માણેકનગર, ચંદાવરકર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૨. રાજેશ-૮૦૮૨૬૫૯૫૬૦, વિમળા-૮૦૮૨૬૫૯૫૭૦.

ડોણના નિતીન છેડા (શાહ) ઉ.વ.૬૨. મુંબઈમાં ૮.૧૧.૨૯-૭-૨૦ના હાર્ટફેઈલથી અવસાન પામેલ છે. માતુશ્રી માંગલમા ખીમજી કોરશીના પૌત્ર. માતુશ્રી ગુણવંતી કાનજીના સુપુત્ર. નવાવાસ માતુશ્રી મઠામા ભીમશી નાથા વીરાના દોહિત્ર. હેમાના પતિ. રાશી, ક્રિશના પિતા. સ્વ.કાંતિલાલ, ડૉ.શશીકાંત, સ્વ.ડૉ.પ્રવીણ, ડૉ.હસમુખના ભાઈ. સ્વ. દિવ્યબાળા, સુરિતા, સ્વ.વિજયા, પ્રભાના દિયર. મનીષ, આશા, બીના, ડૉ.શ્રેણિક, શ્રુતિ, ડૉ. દેવાંગી, ડૉ. શ્રીપાળ, ડૉ.વિક્રમ, ઉર્મિના કાકા. સોનાલી, ડૉ. મોના, લીના, ડૉ. નિરાલી, રાજેન્દ્ર, જયેશ, જીનેશ, રાહુલ, ધીરેનના કાકા સસરા. કાજલ, દિશા, પાર્થ, આગમ, ક્રિયારા, મિહીકા, સમ્વિત, નિર્વાન, અરીહા, મનાલ, શિવેન, અર્જુન, આન્યાના મોટા કાકા. નાગલપુર માતુશ્રી સાકરબેન ખીમજી લાલજી ફુરીયાના જમાઈ. સ્વ. ભારતી પ્રવીણ, વર્ષા પ્રફુલ, ચંદન વસંત, નીતા ભરત, પુષ્પા, બિદડા કુસુમ પ્રવીણ, ભુજપુર ઉષા પ્રવીણ, જાગૃતિ જગદીશના બનેવી. કોડાય માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી રાજા, રાયણ વીરામા લખધીર ખીમાના દો.વર. લતા, રક્ષા, વંદના, જીજ્ઞા, છાયા, નેહા, પાયલ, કાજલ, જીનેશ, સાહિલ, હર્ષના ફુઆ. હેતલ, નિહાર, પ્રતીક, પુનિત, વિધી, નિરાલીના માસા. **પ્રાર્થના રાખેલ નથી.** સદ્ગતના આત્માર્થે ૧૨ નવકાર ગણવા. નિ: નિતીનભાઈ શાહ. ૫૦૧, શક્તિ ટાવર, ૧૧ મો રોડ, ચેમ્બુર (ઈ),મું - ૭૧. હેમા - ૮૯૭૬૬૪૮૯૭૬, ડૉ.હસમુખ - ૯૨૨૪૧૨૦૬૦૧.

શ્રી આશાપુરા પોલડીયા મંડળ (બિદડા)

શ્રી આશાપુરા માતાજીને (બિદડા) સ્થાનિકે નમતા પોલડીયા ભાવિકોના નોરતા આસો વદ અમાસ તા. ૧૬-૧૦-૨૦, શુક્રવારથી શરૂ થાશે તે આસો સુદ સાતમના તા. ૨૩-૧૦-૨૦, શુક્રવારના પુર્ણ થાશે. તે જ દિવસે હોમાદિક ક્રિયા રાતના પ્રારંભ થશે. તો આ પ્રસંગે માના દર્શનનો લાભ લેવા વિનંતી. તા.ક. : પહેડી, તા. ૨૪-૧૦-૨૦ના કરવાની રહેશે. લિ. આશાપુરા પોલડીયા મંડળ.

(ES-356) ----------

નાની તુંબડીના સરોજબેન દામજી સાવલા ઉ. વર્ષ ૬૮, તા. ૩૦-૦૭ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. સ્વ. દામજીના ધર્મપત્ની. માતુશ્રી કુંવરબેન દેવશી વેલજી સાવલાના પુત્રવધુ. સતિષ, મનિષ, મનિષાના માતુશ્રી. રાજશ્રી, રજની, કાંતીભાઈ રમણલાલ પરમારના સાસુ. પાયલ, પુજા, ફોરમ, અભિષેક, પિનલ, પલકના દાદીમા. સેજલ, ઈશા, સ્નેહલના નાનીમા. માતુશ્રી નુરબાનુ નઝરઅલી સુંદરજી ભારવાનીના સુપુત્રી. સ્વ. શાંતીલાલ, મણીલાલના ભાઈના પત્ની. સ્વ. કિશોર, ધનબાઈ, પ્રેમીલા, બા.બ્ર. શિલ્પભાબાઈ મહાસતીજી, બા.બ્ર. અતુલાબાઈ મહાસતીજી, બા.બ્ર. વાસંતીબેનના ભાભી. હાલની પરિસ્થિતિને અનલક્ષીને **પ્રાર્થના રાખેલ નથી.** સદ્ગતના આત્મશ્રેયાર્થે બાર નવકાર ગણવા. નિ. મનિષા કાંતીલાલ પરમાર, બી-૩૦૧, દિવ્યા પાર્ક, જનકલ્યાણનગર, મલાડ (વેસ્ટ), મું. ૬૭. મનિષ-૯૯૨૦૭૬૬૨૪૭, મનિષા-૮૩૬૯૬૮૭૦૬૭.

મેરાઉના પ્રવિણચંદ્ર કરમશી ફુરીયા (ઉ.વ. ૬૮) તા. ૩૦-૭-૨૦૨૦ના હાર્ટફેઈલથી અવસાન પામેલ છે. માતુશ્રી દેમીબાઈ કરમશી ભાણજીના પુત્ર. મેરાઉના લીલબાઈ ટોકરશી દેદીયાના પુત્રતુલ્ય ભત્રીજા. સ્વ. કુસુમના પતિ. જતીનના પિતા. હસ્મીતાના સસરા. સ્વ. જેઠાલાલ, ધીરજલાલ, નવિનચંદ્ર, હીરાવંતી, હર્ષા, ભારતીના ભાઈ. રશ્મીના જેઠ. નવાવાસના ચંદ્રકાંત સાવલા, લાયજાના લક્ષ્મીચંદ છેડા, નાની તુંબડીના નરેન્દ્ર બૌઆના સાલ. બાડાના વેલબાઈ જીવરાજ આસગ ગાલાના દોહીત્ર. દેવકાબેન દામજી, લીલાવંતી જેઠાલાલ, સ્વ. પ્રેમજી, સ્વ. પુનશી, ગોધરાના રતનબેન આણંદજી, ભીંસરા ચંચલબેન ધનજી, મેરાઉ પાનબાઈ માવજી, ચુનડી પ્રભાબેન રાઘવજીના ભાણેજ. લિનેશ, રાકેશ, જીગ્નેશ, ચંદ્રેશ, પ્રિતેશ, અંકિત, રશ્મી ભાવેશ, નેહલ વિશાલ, પારીશા ચિંતનના મામા. વિરાંકા, નીકીતા, ઉપાસનાના મામાઈ સસરા. વોંઘના હર્ષા હસમુખ મહેતા, બિદડાના મોંઘીબેન કાનજી, નવાવાસના ગંગાબાઈ વેલજી, લાયજાના લક્ષ્મીબેન લાલજી, તુંબડીના કસ્તુરબેન વલ્લભજીના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. શ્રી ધીરજલાલ ફુરીયા, ૫૦૨, પ્રેમ આંગન, અશોક નગર લેન, શિવાજીનગર રોડ, વાકોલા બ્રીજ, સાંતાક્રુઝ (ઈ.), મુંબઈ-૪૦૦૦૫૫. ધીરજલાલ-મો. ૯૮૧૯૯૩૮૮૩૮, નવિનચંદ્ર-મો. ૯૮૬૯૦૬૬૬૩૧, જતીન-મો. ૭૯૦૦૧૧૩૫૭૦.

ગઢશીશા મૃત્યુનોંધમાં શરતચુક-સુધારો

ગઢશીશાના : શ્રી રાજેન્દ્ર શાંતીલાલ દેદીયાની-ગઈકાલે છપાયેલ મૃત્યુનોંધના ફુલપેજમાં : સાળા-સાળાવેલી : માયાબેન મહેન્દ્ર હેમરાજ ગાલા (મકડા) તથા પહેલા પાનાની વિગતમાં : નાના-નાની : માતુશ્રી વેલબાઈ દામજી ભાણજી ગોસર (હમલા મંજલ) એમ ઉમેરીને વાંચશોજી. ભુલ બદલ ક્ષમા યાચના. લિ. પરીવારજનો.

(ES-359) ----------

ગોધરાના મધુબેન (મણી) કાંતીલાલ ગાલા (ઉ.વ. ૭૦) ૨૯-૭ના હાર્ટફેલથી અવસાન પામ્યા છે. ભાણબાઈ ખીમજી પાલણના પૌત્રવધુ. લીલબાઈ ચનાભાઈ ખીમજીના પુત્રવધુ. કાંતીલાલના ધર્મપત્ની. નિલમ, રીમ્પલના માતુશ્રી. દેવરાજ, દામજી, પદમશી, મણીબેન તલકશી રવજી, તલવાણા વિજયાબેન લલીત દેવરાજના ભાઈપત્ની. લીલાવંતી, ચંપાબેનના દેરાણી. રમીલાબેનના જેઠાણી. ગોધરાના પ્રેમજી, પાસુભાઈ, દેવજી, ડુંગરશી, નાનજી ખીમજી, બાડા મઠાંબાઈ જેસંગ, ગોધરા પાનબાઈ ભુલાભાઈના ભત્રીજા વહુ. શામજી, ડુંગશી વેલજીના ભાણેજ વહુ. હાલાપરના વેલબાઈ કરમશી શીવજી મારૂના સુપુત્રી. ગોવિંદજી, ગાંગજી, જયંતી, ખુશાલ, દીલીપ, નારાણપુર લક્ષ્મીબેન શામજી વેલજી, ગઢશીશા બચુબેન માલશી હંસરાજ, રતાડીયા (ગ.) શાંતાબેન જાદવજી મેઘજી, વડાલા કુસુમબેન ભરત જખુભાઈ, સાવંતવાડી કવિતા જગદીશ, મોટા આસંબીયા પ્રભાબેન અરૂણ હરખચંદ, ખિવાંદી જવેરબેન દલપત જૈનના બેન. કમળાબેન, હેમલતા, દિવ્યાના નણંદ. હાલાપર ખેરાજ શીવજી, સણોસરા વાલબાઈ મુરજી, નરેડી ખેતબાઈ પ્રેમજીના ભત્રીજી. મો. રતડીયા દેવકાંબાઈ શીવજી રતનશીના દોહીત્રી. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. કે.સી. ગાલા, એ-૧૨૦૩, જીવનદિપ, ન્યુ લીંક રોડ, કાંદીવલી (વે.), મું. ૬૭. મો. ૮૩૫૫૮૫૭૪૯૭, ૮૩૫૫૮૫૯૮૫૧.

અનશનવ્રતધારીની અનુમોદના

ડુમરાના માતુશ્રી કુંવરબાઈ નરશી તલકશી ગાલાના સુપુત્રી ગામ : વિદના હીરબાઈ કપુરચંદ જીવરાજ ગોસર (ઉ.વ. ૯૩) એ ત્રીજા મનોરથ એવા સંથારાની આરાધના આરાધેલ છે. શાતા સારી છે. તા. ૩૧-૭-૨૦૨૦ના ૧૧ મો ઉપવાસ છે. મોક્ષમાર્ગ અનુમોદેલ આત્માને અમારા અંતરની અનુમોદના. આપ મૃત્યુને મહોત્સવ બનાવી સમતાભાવે આગળ વધો અને આપના મનના મનોરથરૂપી શ્રેષ્ઠ ભાવના સુખ-શાતાપૂર્વક પરીપુર્ણ થાય એ જ પ્રભુ પાસે પ્રાર્થના. સંપર્ક : ગોવિંદજી ગાલા-૯૭૬૯૧૬૯૯૦૮, રાજેશ છેડા-૯૮૬૯૦૨૦૭૦૧૦. લિ. શ્રી ડુમરા જૈન મહાજન.

(ES-358) ----------

નાનાણાનું ગૌરવ

અમારી દોહીત્રી ઈશા એક્તા સંજય ગાલા ગામ : વડાલા S.S.C. માં ૯૫ ટકા માર્કસ લઈને કુટુંબનું નામ રોશન કર્યું છે. અમારો દોહીત્ર સોમીલ સ્મિતા પન્નાલાલ ગડા ગામ વડાલા H.S.C. માં ૮૦ ટકા માર્કસ લઈને કુટુંબનું નામ રોશન કર્યું છે. બંન્ને જણા પ્રગતિના પંથે આગળ વધે એ જ અંતરના આશીર્વાદ. લિ. તેજબાઈ ગોસર ગાલા પરીવાર-ભુજપુર.

(ES-357) ----------

કચ્છ-દેદીઆ : ઋણ સ્વીકાર

અમારા ચિ. હિતેન મોહનલાલ પાસડના અકાળે દુઃખદ અવસાનની શોકગ્રસ્ત પળોમાં : પ્રત્યક્ષ-પરોક્ષ તેમજ ફોન દ્વારા અમને સાંત્વના આપનાર તથા હંમેશા હિતેનની પડખે ઉભા રહીને સધીયારો આપનારા સર્વે સગાં-સંબંધીઓ, સ્નેહીજનો, મિત્રો, ગામવાસીઓ, દેદીઆ મહાજન-મિત્ર મંડળના મિત્ર વર્તુળ, સમસ્ત વિષ્ણુ સમાજ, જત સમાજ, મહેશ્વરી સમાજ સહીત નામી-અનામી સર્વે આત્મીયજનોના અંતઃકરણથી આભારી છીએ. અમારી અભિવંદના સ્વીકારશોજી. લિ. મણીબેન મોહનલાલ પાસડ (કચ્છ-દેદીઆ) પરીવાર.

(ES-355) ----------

શ્રી કચ્છી એડવોકેટસ વેલફેર એસોશીએશન (KAWA)

C/o Niranjan & Co, 42-A, Hanuman Building, Perin Nariman Street, Fort, Mumbai-1.
Admin office: 212, Thacker Tower, Plot No. 86, Sector 17, Vashi, Navi Mumbai-400 703
E-mail: kutchi.advocates@gmail.com, Tel. : 022-2788 8320

સહર્ષ રજૂ કરે છે તેરમો ઓનલાઇન સેમિનાર (વેબીનાર)

વિષય : Panel Discussion

RERA,MOFA,Consumer Protection Act, જેવા વિવિધ કાયદા હેઠળ ફ્લેટ ધારક / ખરીદનારાઓને બિલ્ડર સામે મળેલા વિવિધ હક્કોની અને જવાબદારીઓ વિષે શ્રોતાઓના આવેલ પ્રશ્નોના આધારે પેનલિસ્ટ જોડે વિસ્તૃત ચર્ચા.

પેનલિસ્ટ

સોલિ. સચિન કારીઆ
KAWA - Member

રવિવાર,
તા.૨ ઓગસ્ટ,૨૦૨૦
સવારના
૧૧.૦૦ વાગ્યાથી

એડ. ઉદય વાવીકર
Senior Advocate

Zoom (ઝુમ) વેબીનારમાં જોડાવવા રજીસ્ટ્રેશન લીંક
https://us02web.zoom.us/webinar/register/WN_x8EVndqrSGyVJTyXKnqqCQ

સેમિનાર ગુજરાતી - હિન્દી ભાષામાં રહેશે.

નોંધ: ♦ જે શ્રોતાઓને ઉપરોક્ત વિષયને લગતા કોઇ પણ પ્રશ્નો પુછવા હોય તો અગાઉથી મો.નં. 98701 12826/98199 68384 પર WhattsApp અથવા kutchi.advocates@gmail.com પર મેઇલ મોકલવા વિનંતી.
♦ રજીસ્ટ્રેશન માટે કોઇ પણ પ્રશ્નો પુછવા અથવા રજીસ્ટ્રેશન લીંક મેળવવા એડ.રમેશ ડી. છેડાને-98701 12826 પર WhattsApp મોકલો.

(E-B2076)

દરેક સમાજના ભાઇ-બહેનોને આ નિ:શુલ્ક વેબીનારમાં ભાગ લેવા વિનંતી.

♦ એડ. દિવ્યાબેન શાહ - પ્રમુખ
♦ એડ. અરૂણા સાવલા - ઉપ પ્રમુખ
♦ એડ. પારસ વીરા - મંત્રી
♦ એડ. ભરત સત્રા - મંત્રી
♦ એડ. રમેશ ડી. છેડા - ખજાનચી
♦ એડ. કાંતિલાલ સંગોઈ - (P.P.)
♦ એડ. હસમુખ વી. શાહ - (I.P.P.)
♦ સોલિ. જયેશ નિસર - પ્રો. કન્વીનર
♦ સોલિ. પિયુષ શાહ - પ્રો. કન્વીનર

જાહેખ સૌ.
BPS Paints
Authorised Dealers in Decorative & Industrial Paints and Accessories.
Hitesh Shah - 98201 52075 • Jigar Shah - 98334 36625 - Bidada

DEV GRAPHICS - 93 23 84 26 28

દાદાણા મેરાઉ | દાદાણા-નાનાણાનું ગૌરવ | નાનાણા નાગ્રેચા

S.S.C. માં 87%

અભિનંદન - આશીર્વાદ - શુભેચ્છા

શ્રીમતી કસ્તુરબેન આણંદજી સાવલા (મેરાઉ)નો પૌત્ર
શ્રીમતી અમૃતબેન મગનલાલ દેઢિયા (નાગ્રેચા)નો દોહીત્ર
અ.સૌ. દિપા ચેતન સાવલાનો વ્હાલો સુપુત્ર

ચિ. યશ ચેતન આણંદજી સાવલા

(E-C2078)

S.S.C. માં 87%

એકલવ્ય જેવી એકાગ્રતા વડે S.S.C.માં મેળવેલ ઝળહળતી સફળતા બદલ ખોબલે ખોબલે અભિનંદન. ઉચ્ચ અભ્યાસની કેડી માઈલસ્ટોન બની રહો એજ શુભાશીષ.

All the Best Dear Yash

લિ. તારી સફળતાના શુભાકાંક્ષી : દાદાણા-નાનાણા પરિવાર

મામા-મામી : સોનલ પિયુષ દેઢિયા.....નાગ્રેચા
ફુઈ-ફુઆ : રશ્મી ભાવેશ વિકમાણી.....કોટડા-રોહા
હંસા મનીષ ગલીયા.....લુણી
ભાઈ-બહેન : ધવલ • કેવીન • હેત્વર્થ • અશ્મી • જેનીલ

હીરેન દેઢિયા : 9820881876

દાદાણા કપાયા | શૈક્ષણીક ક્ષેત્રે સફળતાનું અભિવાદન | નાનાણા વડાલા

ભેદા ❑ ગાલા પરિવારનું ગૌરવ ❑ અભિવાદન

શ્રીમતી હેમલતા કેશવજી શામજી ભેદા (કપાયા)ની પૌત્રી
શ્રીમતી ઝવેરબેન હરીલાલ ગાંગજી ગાલા (વડાલા)ની દોહીત્રી
સ્વ. કલ્યાણજી અને શ્રી શાંતીલાલ શામજી ભેદાની ભત્રીજા પુત્રી
અ.સૌ. ભારતી દિપક ભેદાની વ્હાલસોયી દિકરી

રિદ્ધી દિપક કેશવજી ભેદા

S.S.C. - Xth - 91% *Congratulations*

'ચિ. રિદ્ધી'એ વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન S.S.C. Board (XI) માં 91% થી ઉતિર્ણ થઈ ઝળહળતી સફળતા મેળવી છે. તે બદલ હાર્દિક અભિનંદન.

તારા પરિશ્રમનું આવ્યું સુંદર પરિણામ, સફળતાની કેડીએ થયું પહેલું મંડાણ.
તારી પ્રગતિનું કરીએ સન્માન, આપીએ તુજને અંતરથી શુભેચ્છા કે
તું ભવિષ્યમાં દરેક પડકારોને પાર કરી ઉત્તરોત્તર પ્રગતિ પામે અપાર.

લિ. તારી સફળતાના અભિલાષી

ફુઈ-ફુઆ : જ્યોતીબેન સંજય છેડા ❑ મોટા આસંબીયા
ફુઈ : રંજન કેશવજી ભેદા ❑ કપાયા
માસી-માસા : નીતા હરેશ સતરા ❑ મોખા
માસી : જ્યોતી હરીલાલ ગાલા ❑ વડાલા
ભાઈ : રાહુલ • દિવ્ય • મૃગેશ • કશ્યપ

(E-C2079)

હીરેન દેઢિયા : 9820881876

ખબર પત્રીકામાં પ્રગટ થતી વ્યક્તિગત કે સામુહીક, સંસ્થાકીય કે વ્યવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે. એમના ઉદ્‌ભદતા પરીણામો વિશે ખબર પત્રીકા સમિતિ જવાબર નથી.

Ghalla Bhansali Foundation

Trust • Legacy • Wealth

વિચારને આકાર ન મળે તો તે માત્ર કલ્પના રહે છે.

ચારેબાજુથી ઘેરાઈ ગયેલી એક સ્ત્રીએ આજથી ચાલીસ વર્ષ પહેલાં ચેન્નાઈના જાણીતા મરીના બીચ પર ચહા અને ખાદ્યપદાર્થોની રેંકડી શરૂ કરી. દારૂડિયો પતિ, બે નાનાં બાળકો અને તાજા છૂટાછેડા થયા હોવા છતાં એ સ્ત્રીએ હિંમતપૂર્વક તકલીફોનો સામનો કરવાનું નક્કી કર્યું. એ સ્ત્રી જીવનના એવા ત્રિભેટે આવીને ઉભી હતી કે તેણે ખુદ જ ઝિંદાદિલીથી નક્કી કરવાનું હતું કે સમાજના ડરથી ઘરમાં ભૂખે મરવું છે કે બાળકોના ભલા માટે સમાજ સામે ટક્કર ઝીલવી છે ! ૧૯૮૦ ના દાયકામાં મરીના બીચ પર ધંધામાં પુરૂષોના આધિપત્ય સામે તેણે માથું ઉંચક્યું, તેની સાત પેઢીમાં કોઈએ સપનામાંય ધંધો કર્યો નહોતો. શરૂઆતના દિવસોમાં તો માત્ર પાંચ-પંદર પૈસાની કમાણી થતી. પણ તે વિચારતી... ન મામા કરતાં કાણો મામો શું ખોટો ? આજે એ સ્ત્રી અસંખ્ય મુશ્કેલીઓનો સામનો કરીને દિવસનાં બે લાખ કમાય છે. તેણે સંદીપા રેસ્ટોરાંની શૃંખલા શરૂ કરીને વિરોધીઓની સાન ઠેકાણે લાવી દીધી છે. આ કહાણી પેટ્રિશિયા નારાયણ નામની એક મુઠ્ઠી ઉંચેરી સ્ત્રીની છે જેને ૨૦૧૦ માં ફિક્કી (FICCI) તરફથી 'વુમન એન્ટરપ્રિન્યોર ઓફ ધ ઈયર'નો એવોર્ડ મેળવ્યો છે.

તમને પણ આ સ્ત્રી માટે માન થઈ ગયું ને ? શાથી ? તેણે એવું તે શું કર્યું ? મને લાગે છે કે તેણે કાંઈ જ નવું કે જુદું નથી કર્યું. ફક્ત સાતત્યપૂર્વક મનને એકાગ્રત રાખીને કામ જ કર્યું છે, Action લીધું છે. સપનાં સાકાર કરવા માટે મહેતન કરી છે. કદાચ એનું સ્વપ્ન તો એ સમયે માત્ર બાળકોને બે ટંક રોટલી ભેગા કરવાનું જ હશે, પરંતુ 'કામ કામને શીખવે' અને 'પૈસો પેસાને ખેંચે' એ ન્યાયે એ પ્રગતિ કરતી ગઈ હશે. પ્રસ્તુત છે આવી બીજી એક રસપ્રદ કેસ સ્ટડી...

ટોમ મોનાહને (જન્મ ૧૯૩૭) ૧૯૭૩ માં ૩૦ મિનિટમાં ગેરેન્ટેડ પિઝાની હોમ ડિલિવરીનો નવો યુગ શરૂ કર્યો જે તેમના બ્રાન્ડની એક અનોખી ઓળખ બની ગઈ. ડોમિનોઝની બ્રાન્ડના બે આધારસ્તંભ છે - તાત્કાલિક હોમ ડિલિવરી અને સ્વાદાનુસાર પ્રોડક્ટમાં થતું વૈવિધ્યકરણ. ૧૯૭૩ માં જ્યારે ડોમિનોઝે 'ફટાફટ હોમ ડિલિવરી, નહીં તો મફત' જાહેરાત શરૂ કરી તે સમયે તેના ફક્ત ૭૫ સ્ટોર્સ હતાં જ્યારે પિઝા હટના ૩૦૦૦ કરતાં વધારે સ્ટોર્સ હતાં. પિઝા હટને પણ એટલી તો ખબર હતી જ કે લોકોની જીવનશૈલી ઈન્સ્ટન્ટ થતી જાય છે, એટલા માટે ફાસ્ટ ફૂડની ઘરે બેઠા સુવિધા અચૂક સફળ થશે. તેમ છતાં રાષ્ટ્રીય સ્તરે વેન, પીકઅપ ટ્રક, ડ્રાઈવર, સમય મર્યાદા, ખર્ચ વગેરેની માથાકૂટ થી બચવા માટે પિઝા હટે કાંઈ ન કર્યું. ડોમિનોઝ પાસે ગુમાવવા જેવું ખાસ કાંઈ હતું નહીં, એટલે ૩૦ મિનિટ નહીંતર ડિસ્કાઉન્ટની ગેરેંટી જેવો નવો ચીલો ચાતરીને નવો ઈતિહાસ રચ્યો. ભારતમાં ડોમિનોઝ પિઝા ના માસ્ટર ફ્રેન્ચાઈઝી હકક જ્યુબિલન્ટ ફૂડવર્કસ લિમીટેડ પાસે છે. ડોમિનોઝ પિઝાનો પહેલો ભારતીય સ્ટોર ૧૯૯૬ માં નવી દિલ્હીમાં ખૂલ્યો અને આજે તેના લગભગ ૧૨૩૦ સ્ટોર્સ છે.

વ્હાલા મિત્રો, તમે પણ વિચાર કરો છો ? તમારી પાસે પણ જબરદસ્ત આઈડિયા છે ? જો જો તમારા વિચારો માત્ર કાલ્પનિક તુક્કા બનીને ન રહી જાય. 'બજાર સુધરશે ત્યારે કરીશ', 'ભાઈ નાણાં રોકશે પછી માલ લઈશ', 'ટુ વ્હીલર ન હોય તો શરૂ ક્યાંથી કરું'. આવા અનેક બહાનાં તમને મળી જ રહેશે. સૌથી પહેલું કામ તમારા વિચારોને લખી કાઢવાનું કરો. રોજેરોજ વિચારોને લખવાનું કામ તમને કદાચ કંટાળાજનક લાગે, પરંતુ આ કાર્ય અનિવાર્ય છે. સંજોગો સારા થાય તેની રાહ ન જોશો. બધું તો સાનુકુળ ક્યારેય નહીં હોય. બજારની મંદી કે હરીફાઈથી તમારે ડરી નથી જવાનું. તમે માનશો ? ''શ્રેષ્ઠ સમય'' જેવું કાંઈ છે જ નહીં. તેથી આજની ઘડી તે રળિયામણી સમજીને કોરોના વાયરસને પરાસ્ત કરવાનું શરૂ કરી દો.

સંકલન : રીતેશ અરવીંદ પોલડીયા
ritesh@ghallabhansali.com

(E-B2083)

(ગાલા ભણસાલી ફાઉન્ડેશનના ઉપક્રમે દર મહિનાની શરૂઆતમાં પ્રસિધ્ધ થતા આ ટુંકા લેખનો હેતુ સમાજમાં સાચી જાગરૂકતા કેળવવા માત્રનો જ છે.)

ગાલા ભણસાલી, 'દેવાંશ' ૧૩૩, દાદા સાહેબ ફાલકે રોડ, રણજીત સ્ટુડિયો પાસે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૪. (ભારત) ટેલી. ૪૦૪૯૭૦૦૦, ૨૪૧૫૭૦૦૦

:: ઈ-પત્રીકામાં આપની મેટર મોકલવા માટે સંપર્ક ::
હેમા શાહ – ૯૧૬૭૩૬૯૩૫૦ – રીટા ગાલા–૯૩૨૩૨૯૩૦૪૦ – મધુ ગડા – ૭૩૦૩૩૩૧૭૫૯

શ્રી ક. વી. ઓ. દેરાવાસી જૈન મહાજન, મુંબઈ
શ્રી ક. વી. ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, મુંબઈ

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

ESTD. 1973

ના સથવારે

સી.વી.ઓ. ચાર્ટર્ડ એન્ડ કોસ્ટ એકાઉન્ટન્ટસ્ એસોસીએશન દ્વારા સંકલિત

કરવેરાના આટાપાટા

Important Statutory due dates for the month of August 2020			ઓગસ્ટ - ૨૦૨૦ની મહત્વની કાનૂની તારીખની સૂચિ.
Due Date	Category	Description	વિગત
3-Aug	GST	Quarterly return (GSTR 1) for registered persons with aggregate turnover upto Rs. 1.50 crores for the quarter April to June, 2020	એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦ ના સેલ્સનું ત્રિમાસિક GST વિતરણ પત્રક (GSTR 1) ભરવું. (Rs1.5 Crores સુધી ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે.)
5-Aug	GST	Monthly return (GSTR 1) for registered persons with aggregate turnover of more than Rs. 1.50 crores for June, 2020	જૂન - ૨૦૨૦ મહિનાના સેલ્સનું માસિક GST વિતરણ પત્રક (GSTR 1) ભરવું. (Rs1.5 Crores થી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે.)
7-Aug	TDS/TCS	Due date for deposit of Tax deducted/collected for July, 2020	જુલાઈ, 2020 માસ માટે કરવેરાની કપાત / વસૂલાત માટેની નિયત તારીખ
7-Aug	Income Tax	Equalisation Levy for payment made to Non Resident in respect of specified service	નોન-રેસિડંટ ને એમના દ્વારા અપાયેલ સ્પેસીફાઈડ સેવાઓ પર થનાર ચૂકવણીઓ ઉપર ભરાતુ Equilisation Levy
7-Aug	FEMA	ECB 2 return - Entities who have availed external commercial borrowing (ECB) for July, 20	ECB 2 રીટર્ન - જૂલાઇ, 20, માટે બાહ્ય વ્યાપારી ઉધાર (ઇસીબી) નો લાભ મેળવનારી સંસ્થાઓ
11-Aug	GST	Monthly return (GSTR 1) for registered persons with aggregate turnover of more than Rs. 1.50 crores for July, 2020	જુલાઈ -૨૦૨૦ મહિનાના સેલ્સનું માસિક GST વિતરણ પત્રક (GSTR 1) ભરવું. (Rs1.5 Crores થી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે.)
14-Aug	TDS/TCS	Due date for issue of TDS Certificate for tax deducted under section 194-IA /194IB/194M in June, 2020	જૂન, 2020 માસમાં સેક્શન 194-IA/194 - IB/ 194 - M હેઠળ કપાત કર માટેના ટીડીએસ પ્રમાણપત્ર આપવાની નિયત તારીખ
15-Aug	ESIC	ESIC Payment and Return for July, 2020	જુલાઈ - ૨૦ માસના પગાર પર થતાં ESIC ભરવો અને તેનું રીટર્ન ભરવો.
15-Aug	TDS/TCS	Quarterly TDS certificate (in respect of tax deducted for payments other than salary) for the quarter April-June 2020	30 જૂન, 2020 ના રોજ પૂરા થતાં ત્રિમાસિક ગાળાના ત્રિમાસિક ટીડીએસ પ્રમાણપત્ર (પગાર સિવાયના ચુકવણી માટે કર ઘટાડવામાં આવતા સંદર્ભે)
15-Aug	Provident Fund	PF Return filling for July, 2020	જુલાઈ - ૨૦ માસના પગાર પર થતાં PF નું રીટર્ન ભરવું.
20-Aug	GST	Due date to file Form GSTR -3B (payment of GST) for registered persons with aggregate turnover of Rs. 5 crores and more for July, 2020	જુલાઈ-૨૦૨૦ મહિનાનો GST નો ટેક્સ ભરવો અને મહિનાનું Summary રીટર્ન (GSTR 3B) ભરવું. (Rs 5 Crores અથવા વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે.)
31-Aug	TDS/TCS	Due date for furnishing of challan-cum-statement in respect of tax deducted under section 194-IA / 194 - IB / 194 - M for the month of July, 2020	જુલાઇ, 2020 માસ માટે કલમ 194-IA / 194-IB / 194-M અંતર્ગત કપાત કરના સંદર્ભમાં ચાલન-કમ-સ્ટેટમેન્ટ આપવા માટેની નિયત તારીખ
31-Aug	Profession Tax	Payment and Return of July, 2020	કર્મચારીઓના જુલાઈ - ૨૦ મહિનામાં આપેલા પગાર પર કાપેલ વ્યવસાય વેરો (Profession tax) ભરવો તથા તેનું રીટર્ન ભરવું.
31-Aug	GST	Due date to file annual Form GSTR-4 for the Financial Year 2019-20, in case of Composition dealer	એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ ના સમયગાળા માટે કોમ્પોઝિટ ડીલર માટે જીએસટી રીટર્ન (GSTR-4) ની વાર્ષિક ફાઇલિંગ કરવાની તારીખ
31-Aug	GST - TDS/TCS	Monthly statement of GST TDS/TCS deposited in form no GSTR-7 & GSTTR-8 respectively, for the months of March to July, 2020	માર્ચ ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૦ મહિનાનો GST TDS/TCS વિતરણ પત્રક (GSTR 7/ GSTR 8) ભરવું

Note : To know more and in detail, kindly consult your CA visit : www.cvoca.org વધુ વિગત માટે પોત પોતાના C.A. નો સંપર્ક કરવો.

શ્રી સંભવનાથાય નમઃ શ્રી વિમલનાથાય નમ :

શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘ

શ્રધ્ધાંજલી...પુષ્પાંજલી...સ્મરણાંજલી

જિનશાસન શિરોમણી

તપચક્ર ચક્રવર્તી, શ્રી સંઘ શીરછત્ર

૫૪–૫૪ વર્ષીતપ આરાધક

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી

મ.સા.ને

ભાવભરી ભાવાંજલી....

રાષ્ટ્રસંત **પ.પૂ.આ.ભ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**ના ગુણોના સાગરમાંથી અનન્ય જ્ઞાન પામી સકળ સંઘ સમક્ષ ગુણોનો ઉદય કરી સંઘો ઉપર અનેરી કૃપા વરસાવી અચલગચ્છ ને અનેક તેજસ્વી તારલાઓથી જગમગાવી દીધેલ છે. પૂ. શ્રી આપનો શુભ આત્મા જલ્દીથી સર્વ કર્મનો ક્ષય કરી પરમપદને પ્રાપ્ત કરે એજ મંગલ કામના.

લિ.

શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘ

શ્રી ક.વી.ઓ. જૈન સેવા સમાજ

શ્રી સંભવજિનગુણ સામાયિક મંડળ

શ્રી શ્રેય દર્શાની પૂજા મંડળ- શ્રી ગૌતમ લબ્ધિ મંડળ

શ્રી ગુણસાગરસૂરી પાઠશાળા

(E-B2075)

ઋણ સ્વીકાર • આભાર વંદના

(દેહત્યાગ : તા.૨૧-૦૭-૨૦૨૦)

શ્રી દામજી ગાંગજી રવજી છેડા

(વાંકી, મુલુંડ)

અમારા વડીલશ્રી દામજીભાઈના દુઃખદ અવસાન ની ક્ષણે સદ્‌ગતની અંતિમયાત્રામાં સહભાગી થઈને તથા **રૂબરૂ, ફોન, Whatsapp, SMS, પત્રિકા** ના માધ્યમથી **શ્રદ્ધાંજલી દેનાર** સૌ પરિવારજનો, સગા–સંબધીઓ, વેવાઈ પરિવારજનો, સ્નેહીજનો, ગામવાસીઓ, વતનવાસીઓ, પરમ મિત્રો, વ્યવસાયીક વ્યાપારીઓ, વિવિધ સામાજીક સંસ્થાઓ, સહ-સામાજીક કાર્યકરો, સામાજીક અગ્રણીઓ અને નીલકીરણ સોસાયટીના રહેવાસીઓના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાંત્વના આપી અમારી દુઃખદ ઘડીમાં સહભાગી થનાર **આપ સહુના અમે હૃદયપુર્વક ઋણી છીએ. અમારી અભિવંદના સ્વીકારશોજી.**

લિ. માતુશ્રી પ્રભાબેન દામજી ગાંગજી છેડા પરિવાર

જીગ્નેશ દામજી છેડા • શીતલ જીગ્નેશ છેડા

(E-C2077)

ફર્નીચર (કાઉન્ટર) વેચવાના છે

કોરોના મહામારી પરિસ્થિતીમાં

રૂપિયાની બચત કરો.

ફાયદામાં સારી કંડીશનમાં તેમજ

દરેક ધંધાને લાયક ઉપયોગી

12 MM હેવી ગેજના કોરીયન

મટીરીયલના આપને અનુકૂળ પ્રમાણે

નાની-મોટી સાઈઝના

કાઉન્ટર અરજન્ટ વેચવાના છે.

વહેલા તે પહેલાના ધોરણે

જલ્દી સંપર્ક કરો 'બેનઝર' મિહિર : 9819424444

લી. મિહિર સાવલા

(E-D2080)

શ્રી સચ્ચાઈ માતા નમઃ શ્રી આદિનાથ દાદાય નમઃ

દાદાણા
મંજુલાબેન
ઝવેરચંદ ગડા
(રાયધણજાર)
કલ્યાણ

નાનાણા
કસ્તુર રજનીકાન્ત
શાહનંદ
(ડુમરા)
દહીંસર

Congratulations to Dear Vaanshikaa

મોઘમ ઈશારે હોઠ મલકયાની વાત છે
હૈયાની ભીનાશ આંખેથી છલકયાની વાત છે

વાત કઈ સાવ નાનીસૂની નથી,
વંશિકાને ૯૪.૪૦% મળ્યાની વાત છે.

સ્મરણનાં રણમાં અથડાતી ફરે ઝાંઝવા જેવી ઈચ્છા,
અજાણતાં જ હૃદયના બંધ બારણાં ખખડયાંની વાત છે.

અથાગ પરિશ્રમ અને સખત અભ્યાસ કર્યા પછી,
મનગમતું પરિણામ પામ્યાની વાત છે.

વંશિકા... ખૂબ ખૂબ અભિનંદન....

સદાય ઉત્તરોત્તર પ્રગતિ કરો એવા શુભાશિષ સાથે પાઠવિયે અભિલાષા...

મમ્મી–પપ્પા : દર્શના કૌશિક ગડા | માસા–માસી : નમ્રતા દીપક ગાલા (ગામ–ભોજાય)

કાકા–કાકી : બીજલ મયુર ગડા | મામા–મામી : રીચા ધવલ શાહનંદ

ભાઈ–બહેન : આર્યન મયુર ગડા, ભૂમી અને અનવ દીપક ગાલા

નક્ષ ધવલ શાહનંદ

(E-C2082)

વ્હાલા જમાઈને ભાવભરી શ્રધ્ધાંજલિ

જીંદગીનો ઓછો હશે સમય ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી....

શ્રી નીતીનભાઈ કાનજી ખીમજી છેડા (શાહ)

કચ્છ : ડોણ ● મુંબઈ : ચેમ્બુર

જીવનયાત્રા : તા.૨૮-૭-૧૯૫૮ થી તા. ૨૯-૭-૨૦૨૦

જીવનમાં પુરૂષાર્થ, સ્વભાવમાં સરળતા, વાણીમા વાત્સલ્યતા, દિલના દિલાવર, મનમાં માનવતા, ધર્મમાં આસ્થા ધરાવનાર અંબે માના પરમ ભક્ત એવા અમારા સૌના લાડલા નીતીનભાઈને ભાવભીની શ્રધ્ધાંજલિ આદરાંજલિ અર્પણ કરીએ છીએ.
હેમાબેન અને છેડા પરિવારજનો પર આવેલ વિષાદની ઘડીઓમાં સહભાગી થઈ સાંત્વના પાઠવીએ છીએ.

માતુશ્રી સાકરબેન ખીમજી લાલજી ફુરીયા (નાગલપુર)

સાળા-સાળાવેલી પરિવાર

સ્વ.ભારતીબેન પ્રવીણ ખીમજી ફુરીયા	નાગલપુર
વર્ષાબેન પ્રફુલ ખીમજી ફુરીયા	નાગલપુર
ચંદનબેન વસંત ખીમજી ફુરીયા	નાગલપુર
નીતાબેન ભરત ખીમજી ફુરીયા	નાગલપુર

સાળા પુત્ર-પુત્રવધુ

હેમાલી જીનેશ પ્રફુલ ફુરીયા	નાગલપુર
ગ્રીષ્મા સાહિલ વસંત ફુરીયા	નાગલપુર
હર્ષ ભરત ખીમજી ફુરીયા	નાગલપુર-USA

સાળી-સાઢુભાઈ પરિવાર

પુષ્પાબેન ખીમજી લાલજી ફુરીયા	નાગલપુર
કુસુમબેન પ્રવીણ પોલડીયા	બિદડા
ઉષાબેન પ્રવીણ માલદે	ભુજપુર
જાગૃતિબેન જગદીશ ગોગરી	ભુજપુર

(E-C2096)

NEEL PARI - 9322299742

માસીક પુણ્યતિથિએ ભાવાંજલિ.

અ.સૌ. ભારતી જયંતીલાલ માડ

ગામ : ત્રગડી -(સંભવપુર) દેહવિલય : ૧ જુલાઈ ૨૦૨૦.

મીઠી મધુરવાણી વાત્સલ્યભરી નજર ઝંખીએ છીએ
પપ્પાની આતુર નજરોના બે કાબૂ ઘોડાની
લગામ ઝંખીએ છીએ.
નયન મા રમે તસ્વીર આપની,
પણ આપ ખુદ તસ્વીર બની ગયા,
વિદાય કેવી લીધી છે. તમે અણધારી
અમ દિલમાં હસ્તી તમારી બનાવી ગયા
છતા તમારી અહેસાસ ઝંખીએ છીએ
લિ. શોકગ્મન પરિવાર
માતુશ્રી પાનબાઈ ખીમજી રવજી માડ પરિવાર

જીવન સાથી :
જયંતીલાલ ખીમજી રવજી માડ

પુત્ર:
મનીષ જયંતીલાલ ખીમજી માડ

પુત્રી- જમાઈ
અ.સૌ. ભાવના રમેશ તેજશી શાહ/દેઢીયા - મેરાઉ
અ.સૌ. ફાલ્ગુની નિતેશ ધીરજલાલ છેડા - લાયજા

દોહીત્રી - દોહીત્રીવર :
સ્નેહા નંદકુમાર (આદી) ઉલ્લાસ રાઉત

દોહીત્ર - દોહીત્રી :
મયુર, હર્ષ, મહેક

માવિત્ર :
માતુશ્રી સોનબાઈ ખીમજી લધા સંગોઈ પરિવાર (બિદડા)

(E-C2084)

પરમ મિત્રની વસમી વિદાય



શ્રી જયેશ હીરજી વિકમ

મોટી ખાખર -હિંદમાતા

અરિહંત સમીપે
તા. ૩૦-૦૭-૨૦૨૦

લાગણી નિતરતી શ્રધ્ધાંજલિ

તેં તો પ્રયાણ કર્યું ભૂલાવી સંબધો મૈત્રીના,
પણ અમે કેમ ભૂલશું સંભારણા વીતેલા સથવારાના!
ફરી ફરી યાદ આવશે તારો સ્મિતભર્યો ચહેરો,
પરમ શાંતિને વરો એ જ પ્રાર્થના કરીએ અંતરથી.

અમારી સ્મૃતિમાં સદા જીવંત રહેશે એવા **શ્રી જયેશભાઈના** આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવે અને પરિવારને એમની વિદાયનું દુ:ખ સહન કરવાની શકિત આપે એ જ અભ્યર્થના.

- મુલચંદ અને મંજુલા માડ - ફરાદી
- હસમુખ અને પુષ્પા ગંગર - દેશલપુર
- હેમા દિનેશ સાવલા - નાની તુંબડી

(E-C2097)

DEV GRAPHICS - 93 23 84 28 28

કચ્છ : ગોધરા | અરિહંતશરણ | મુંબઈ : સાંતાક્રુઝ/કાંદીવલી

શ્રીમતી મધુબેન (મણી) કાંતિલાલ ચનાભાઈ ગાલા

જન્મ : તા. ૪.૨.૧૯૫૦ • હાર્ટ ફેઈલથી દેહવિલય : તા. ૨૯.૭.૨૦૨૦

ઉં.વ. ૭૦

સૌ સાથે સુમધુર સંબંધો વડે સાસરીયા/માવિત્ર કુળને અજવાડનારા
પરિવારના પરિમલમૂર્તિનો આત્મા પરમ પદને પામો
એજ પરમ કૃપાળુ પરમાત્માને અંતરભીની પ્રાર્થના.

મોટા સાસુ-સસરા : **માતુશ્રી ભાણબાઈ ખીમજી પાલણ ગાલા.....ગોધરા**
સાસુ-સસરા : **માતુશ્રી લીલબાઈ ચનાભાઈ ખીમજી ગાલા....ગોધરા**
દાદા-દાદી : **માતુશ્રી જેતબાઈ શીવજી હીરજી મારૂ.....હાલાપુર**
માતા-પિતા : **માતુશ્રી વેલબાઈ કરમશી શીવજી મારૂ .....હાલાપુર**
પતિ : **પુણ્યશ્લોકી કાંતિલાલ ચનાભાઈ ગાલા.....ગોધરા**

સુપુત્રી : નિલમ કાંતિલાલ ગાલા .....ગોધરા
રિંપલ કાંતિલાલ ગાલા .....ગોધરા
જેઠ-જેઠાણી : લીલાવંતીબેન દેવરાજ ચનાભાઈ ગાલા .....ગોધરા
ચંપાબેન દામજી ચનાભાઈ ગાલા.....ગોધરા
દેર-દેરાણી : રમીલાબેન પદમશી ચનાભાઈ ગાલા.....ગોધરા
નણંદ-નણંદોઈ : મણીબેન તલકશી રવજી છેડા.....ગોધરા
વિજ્યાબેન લલીત દેવરાજ દેઢિયા.....તલવાણા
ભત્રીજા-ભત્રીજાવહુ : શીતલ અમીત દેવરાજ ગાલા.....ગોધરા
પલ્લવી જયેશ દામજી ગાલા.....ગોધરા
જસ્મીન પારસ દામજી ગાલા .....ગોધરા
રૂપલ મયુર પદમશી ગાલા.....ગોધરા
ભત્રીજી-ભત્રીજીવર : જયશ્રી જયેશ કારાણી .....ડુમરા/હૈદ્રાબાદ
પ્રીતિ ચેતન વસનજી શેઠીયા.....વડાલા
નીતા નિતીન નેણશી દેઢિયા .....ભુજપુર
ભાવના યોગેશ જીવણજી .....નવસારી
રાખી તરણપ્રિતસિંગ .....ન્યુઝીલેન્ડ
શિલ્પા જયંતિ પોપટલાલ ગડા.....લઠેડી
મોનિકા ચંદ્રેશ તલકચંદ દેઢિયા.....તલવાણા
દીપા જયેન્દ્ર છેડા .....લાયજા
ભાણેજ-ભાણેજવહુ : કલ્પના પરેશ તલકશી છેડા .....ગોધરા
ભારતી હર્ષદ લલીત દેઢિયા .....તલવાણા
ભાણેજી-ભાણેજીવર : અનીતા નયન મગનલાલ જાગાણી.....માપર
બીના અમીષ કુંવરજી મામણીયા.....કુંદરોડી
જ્યોતી જયેશ વસનજી ગોગરી .....ટુંડા
દિના કિશોર નેમીદાસ ગંગર.....દેશલપુર (કંઠી)
જસ્મી.....પૂના
કાકાઈ સાસુ-સસરા : વેલબાઈ પ્રેમજી ખીમજી ગાલા.....ગોધરા
ચંચળબેન પાસુભાઈ ખીમજી ગાલા .....ગોધરા
ઉમરબાઈ દેવજી ખીમજી ગાલા.....ગોધરા
પાનબાઈ ડુંગરશી ખીમજી ગાલા.....ગોધરા
વિમળાબેન નાનજી ખીમજી ગાલા.....ગોધરા
ફુઈયાઈ સાસુ-સસરા : મહાબાઈ જેસંગ દેવરાજ ગડા .....બાડા
પાનબાઈ ભુલાભાઈ નાગશી સાલીયા.....ગોધરા
કાકાઈ જેઠ-જેઠાણી, કાકાઈ દેર-દેરાણી : રંજન કેશવજી પ્રેમજી ગાલા .....ગોધરા
રમેશ પ્રેમજી ગાલા.....ગોધરા
કલ્યાણજી પ્રેમજી ગાલા.....ગોધરા
પ્રભા વલ્લભજી પાસુ ગાલા.....ગોધરા
ભારતી દામજી પાસુ ગાલા.....ગોધરા
નીશા અમૃતલાલ પાસુ ગાલા .....ગોધરા
રીટા નરેન્દ્ર પાસુ ગાલા .....ગોધરા
વિમળા શાંતિલાલ દેવજી ગાલા .....ગોધરા
કોકીલા ગુલાબ દેવજી ગાલા.....ગોધરા
પ્રભા ખુશાલ દેવજી ગાલા.....ગોધરા
તરલા મણીલાલ દેવજી ગાલા .....ગોધરા

હંસા હરખચંદ ડુંગરશી ગાલા.....ગોધરા
મંજુલા લક્ષ્મીચંદ ડુંગરશી ગાલા .....ગોધરા
બિંદુ હસમુખ ડુંગરશી ગાલા.....ગોધરા
મનોજ ડુંગરશી ગાલા .....ગોધરા
કસ્તુર મુલચંદ નાનજી ગાલા .....ગોધરા
ભાવના સુરેન્દ્ર નાનજી ગાલા.....ગોધરા
ભારતી તલક નાનજી ગાલા .....ગોધરા
રેખા અરવિંદ નાનજી ગાલા.....ગોધરા
કા. નણંદ-નણંદોઈ : ચંદન મણીલાલ ગલીયા .....માપર/ગાંધીધામ
દમયંતી નાનજી ખીંચડી.....સણોસરા
તારા રમણીકલાલ વિસરીયા .....ભોજાય
જયેરબેન શાંતિલાલ હેમરાજ છેડા .....નાના આસંબીયા
નવલબેન રમણીકલાલ નાથાલાલ સાવલા .નાના ભાડીયા
ધનવંતી રમેશ સાવલા.....રામાણીયા
મંજુલા વિરેન્દ્ર પોલડીયા.....બિદડા
જયેર (ઝંખના) બિપીન ઘરોડ .....પત્રી
કુસુમ જીતેન્દ્ર સાવલા.....ફરાદી
ભાવના ચેતન છેડા.....વાંકી
કાકાઈ નણંદ : ઇંદુબેન પાસુભાઈ ગાલા .....ગોધરા
ફુઈ. જેઠ-જેઠાણી, ફુઈ. દેર-દેરાણી : સુશીલા પાસુભાઈ જેસંગ ગડા.....બાડા
ગુલાવંતી શાંતિલાલ જેસંગ ગડા.....બાડા
કસ્તુર કલ્યાણજી ભુલાભાઈ સાલીયા .....ગોધરા
લીલાધર ભુલાભાઈ સાલીયા .....ગોધરા
જયા જગશી ભુલાભાઈ સાલીયા .....ગોધરા
જયશ્રી મહેન્દ્ર ભુલાભાઈ સાલીયા .....ગોધરા
નાનાઈ સાસુ-સસરા : મેઘબાઈ વેલજી છેડા.....ગોધરા
મામાઈ સાસુ-સસરા : હીરબાઈ શામજી વેલજી છેડા .....ગોધરા
વેલબાઈ ડુંગરશી વેલજી છેડા.....ગોધરા
માસી. સાસુ-સસરા : જેઠીબાઈ ખીમજી પુંજા માલદે .....બાડા
લાછબાઈ રામજી કુંવરજી મામણીયા .....મેરાઉ
ગંગાબાઈ લધાભાઈ વીરા .....મેરાઉ
દેવકાબાઈ ખેરાજ રણશી ગડા .....બાડા
જેઠીબાઈ કોરશી દેવશી ગડા .....બાડા
ભાઈ-ભાભી : કમળાબેન ગોવિંદજી કરમશી મારૂ.....હાલાપુર
હેમલતાબેન ગાંગજી કરમશી મારૂ .....હાલાપુર
દિવ્યાબેન જયંતિલાલ કરમશી મારૂ.....હાલાપુર
ખુશાલ કરમશી મારૂ .....હાલાપુર
દિલીપ કરમશી મારૂ .....હાલાપુર
બેન-બનેવી : લક્ષ્મીબેન શામજી વેલજી કારાણી.....નારાણપુર
બચુબેન માલસી હંસરાજ દેઢિયા .....ગઢસીસા
શાંતાબેન જાદવજી મેઘજી છેડા .....રતાડીયા (ગણેશ)
કુસુમબેન ભરત વીરજી ગાલા .....વડાલા
કવિતાબેન જગદીશ સાવંત .....સાવંતવાડી
પ્રભાબેન (પલ્લવી) અરૂણ હરખચંદ છેડા મોટા આસંબીયા

જયેરબેન દલપત પુખરાજ જૈન .....ખિવાંટી
ભત્રીજા-ભત્રીજાવહુ : મયુરી સતીષ ગોવિંદજી મારૂ.....હાલાપુર
ચેતના પ્રવિણ ગોવિંદજી મારૂ .....હાલાપુર
ભત્રીજી-ભત્રીજીવર : વર્ષા રાજેશ દેવજી કારાણી.....ડુમરા/વરંગલ
જાગૃતિ વિરેન રમણીકલાલ ગડા .....મંજલ રેલડીયા
રચના કિરણ ડુંગરશી કુરીયા .....બિદડા
ભાણેજ-ભાણેજવહુ : મધુ રમણ શામજી કારાણી.....નારણપુર
ચેતના કિશોર શામજી કારાણી.....નારણપુર
છાયા વિજય શામજી કારાણી .....નારણપુર
છાયા હેમંત શામજી કારાણી.....નારણપુર
ભાવના ગિરીશ માલસી દેઢિયા .....ગઢસીસા
જયશ્રી અશ્વીન માલસી દેઢિયા.....ગઢસીસા
ફાલ્ગુની ધરમ જાદવજી છેડા.....રતાડીયા (ગણેશ)
પીંકી રોમીલ જાદવજી છેડા.....રતાડીયા (ગણેશ)
સમતા અંકિત ભરત ગાલા .....વડાલા
જીનેશ કીર્તિભાઈ મહેતા .....જાફરાબાદ
સેરા જય અરૂણ છેડા .....મોટા આસંબીયા/U.S.A.
યશ અરૂણ છેડા.....મોટા આસંબીયા
ભાણેજ : શૈલીન દલપત જૈન.....ખિવાંટી
ભાવિ ભાણેજવહુ : વિરાલી મનોજભાઈ ભદ્રા.....બિટીયારી
ભાણેજી-ભાણેજીવર : હંસા જયેશ પ્રેમજી દેઢિયા.....દેઢીઆ
ગીતા લલીત તિલક હરીયા .....હમલા મંજલ
નીના ઉમેશ ખીમજી ગાલા .....કાંડાગરા
શ્વેતા ગૌરવ રાજીવજી ખંડેલવાલ .....નવી મુંબઈ
કાકા-કાકી : ઝવેરબેન ખેરાજ શીવજી મારૂ .....હાલાપુર
ફુઈ-ફુઆ : વાલબાઈ મુરજી હીરજી નાગડા.....સણોસરા
ખેતબાઈ પ્રેમજી ટોકરશી ગાલા .....નરેડી
ફુઈયાઈ ભાઈ : સુંદરજી પ્રેમજી ગાલા.....નરેડી
કેશવજી મુરજી શાહ .....સણોસરા
સુંદરજી મુરજી શાહ.....સણોસરા
દેવચંદ મુરજી શાહ.....સણોસરા
નાના-નાની : દેવકાબાઈ શીવજી રતનશી ગાલા.....મોટા રતડીયા
મામા-મામી : કુંવરબાઈ લક્ષ્મીચંદ શીવજી ગાલા.....મોટા રતડીયા
કલ્યાણીબેન પદમશી પ્રેમજી ગાલા .....ડુમરા
ધનવંતીબેન પુનશી પ્રેમજી ગાલા .....ડુમરા
લક્ષ્મીચંદ શીવજી ગાલા .....મોટા રતડીયા
મામાઈ ભાઈ : વસનજી લક્ષ્મીચંદ ગાલા.....મોટા રતડીયા
માસીયાઈ ભાઈ : ભાઈલાલ કુંવરજી ગોસર .....વિઢ
નરેન્દ્ર કુંવરજી ગોસર .....વિઢ
પરમ સ્નેહી : જયાબેન રતીલાલ સાવલા.....મોટા આસંબીયા
ન્યુ રત્નદીપના સર્વે મેમ્બરો .....કાંદીવલી
નયનાબેન હેમંત શાહ.....જામનગર
ભાવેશભાઈ હેમચંદ ગડા .....રાવણ
મંજુબેન કોકીશભાઈ - જીવનદીપ .....કાંદીવલી

નમ્ર નિવેદન : વર્તમાન પરિસ્થિતિ અનુસાર પ્રાર્થના સભા રાખેલ નથી.

સદ્‌ગતશ્રીના આત્મશ્રેયાર્થે નવકારનું સ્મરણ કરવું.

લૌકીક વહેવાર બંધ છે. • ઘરે આવવાની તકલીફ ન લેવા નમ્ર વિનંતી • ફોન સંપર્ક રૂબરૂ તુલ્ય ગણશોજી.

વર્તમાન નિવાસ : **કાંતિલાલ ચનાભાઈ ગાલા** : A/1203, જીવનદીપ બિલ્ડીંગ, ન્યુ લીંક રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-400067.

નિલમ : મો. 8355857497 • રિંપલ : મો. 8355859851

(E-A2086)

ઉપરોક્ત સગાં-સંબંધીઓની નામાવલીમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયું હોય અથવા કોઈ ભુલચુક હોય તો ક્ષમાયાચના, મિચ્છામી દુક્કડ્મ

જાહેરાત ફોન : 9322263819

વાંકીની વિધીએ વિદ્યાદ્વિપની કંડારી કિરણમય કેડી

વિરલ વસુંધરા વાંકી એવમ્ સમસ્ત કચ્છી સમાજનું ગૌરવ

SSC માં 100% મેળવનાર વિધી છેડાનું નામ સુવર્ણ અક્ષરે આલેખાશે

વાંકી-ડોંબીવલીના દાદા-દાદી
અ.સૌ. પુષ્પાબેન અને શ્રી વિનોદ લાલજી છેડાની દુલારી
અ.સૌ. દિપ્તીબેન અને શ્રી વિપુલ વિનોદ છેડાના
હેતના હિંડોળે ઝુલતી વ્હાલસોયી દિકરી

ચિ.વિધી

Top in Mumbai Region

SSC 100%
485/500 +
(15 Marks કથ્થક ડાન્સ)

જ્ઞાનની દેવી સરસ્વતી - કુળદેવી અંબે માની કૃપાદ્રષ્ટિ
વડીલોના આશીષ, જન્મદાતા માતા-પિતાનું પીઠબળ
જેમાં ભળ્યા પ્રબળ પરિશ્રમ, મૌલિક વિચાર, એકાગ્રતા
શિક્ષણની સાથે કથ્થક નૃત્ય કળામાં મેળવી પારંગતા.

તેજોમય રશ્મિ કિરણોથી ચમકતી વિધી
હેમમય યશ કલગીથી શોભતી વિધી
વાંકી ગામની શાન વધારતી વિધી

વિધી હરખથી ઓવારણા લઈએ તારા
તારી સફળતાઓની પ્રેમથી વધાવીએ
હજારો અભિનંદન આપીએ
હૃદયની અટારીએથી વ્હાલના દરિયેથી
ઉમંગના મોજાથી ખૂબ ખૂબ અભિનંદન
મંઝીલની તરફ આગળ વધતી રહે,
સફળતાની સીડી ચડતી રહે,
કામયાબીની બુલંદી પર પહોંચી,
વિજય ધ્વજ લહેરાવતી રહે.

માતા સરસ્વતીની અસીમકૃપા તારા જીવનમાં વરસતી રહે, પરિવારના નૂર અને ઓજસને ઉજાગર કરી
જીવન અસ્તિત્વને સાર્થક કરે અને કારકીર્દી ક્ષેત્રે ઉન્નતીના ઉચ્ચ શિખરોને સર કરે એ જ હાર્દિક શુભેચ્છા.

(E-B2095)

શ્રી વાંકી જૈન મિત્ર મંડળ

શ્રી વાંકી આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ ✦ શ્રી વાંકી દેરાવાસી જૈન સંઘ
શ્રી વાંકી જૈન યુથ ગ્રુપ ✦ શ્રી વાંકી વનિતા વૃંદ ✦ સર્વે પદાધિકારીઓ તેમજ સમસ્ત ગામવાસીઓ

NEEL PARI - 9322299742

શ્રી ક.વિ.ઓ.જૈન સંઘ વાંદરા વેસ્ટની

ઋણાંજલિ...ગુણાંજલિ...ભાવાંજલિ...સ્મરણાંજલિ

હવે ક્યાં જોવા મળશે એ ધારા.... બન્યા અમે નોંધારા...
ક્યાં જોવા મળશે સુલક્ષણોથી શોભતી તેજસ્વી કાયા...
દ્રષ્ટિમાંથી નીતરતો નેહ, હવે ક્યાં શોધશું આવો સ્નેહ...

અચલગચ્છાધિપતિ તપસ્વી રત્ન, તપચક્રવર્તી, જિનશાસન શિરોમણી,
સળંગ ૫૪-૫૪ વરસીતપના આરાધક,
